# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | MARCH 2024 | NO: 01


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૩૧:૧૭-૨૪

૧૭. હે યહોવા, મારી લાજ જવા દેતો નહિ, કેમ કે મેં તને વિનંતી કરી છે; દુષ્ટો લજવાઓ, અને તેઓ શેઓલમાં છાનામાના પડી રહો.

૧૮. જે જૂઠા હોઠ ન્યાયી માણસોની વિરુદ્ધ ગર્વથી તથા તિરસ્કારથી મગરૂરી ભરેલી વાત બોલે છે તેઓ મૂંગા થાઓ.

૧૯. જે ઉદારતા તેં તારા ભક્તોને વાસ્તે રાખી મૂકી છે, તથા તારા પર ભરોસો રાખનારાને વાસ્તે મનુષ્યોની આગળ તે દર્શાવી છે તે કેટલી મોટી છે.

૨૦. માણસના કાવતરાંથી તારી હજૂરના આચ્છાદન વડે તું તેઓને ઢાંકીને બચાવશે; જીભના કંકાસથી તું તેઓને માંડવામાં સંતાડી રાખશે.

૨૧. યહોવાને ધન્ય છે! કેમ કે તેણે કોટબંધ નગરમાં મને રાખીને પોતાની આશ્ચર્યકારક કૃપા દેખાડી છે.

૨૨. મેં તો મારી અધીરતાથી કહી દીધું કે, તે તારી દ્રષ્ટિ આગળથી મને દૂર કર્યો છે; તોપણ મેં તને અરજ કરી ત્યારે તે મારા કાલાવલા સાંભળ્યા.

૨૩. હે યહોવાના સર્વ ભક્તો, તેના પર પ્રીતિ રાખો; યહોવા વિશ્વાસુઓનું રક્ષણ કરે છે અને અહંકારથી કામ કરનારને પુષ્કળ બદલો આપે છે.

૨૪. હે યહોવાની આશા રાખનારા, તમે સર્વ બળવાન થાઓ, અને તમારાં હૃદય હિમ્મત પકડો.

# ઈશ્વરની નિશ્ચિતતા સાથે અનિશ્ચિત સમયો!

UNCERTAIN TIMES WITH THE CERTAINTY OF GOD!

*માનદ્ મુખ્ય સંપાદિકા - રેવ. એન્જલાઈન સેલ્વાકુમારી*



"તુ ચમત્કાર કરનાર દેવ છે; તે લોકોમાં તારું સામર્થ્ય પ્રગટ કર્યુ છે." ગીતશાસ્ત્ર ૭૭:૧૪

ઈસુ ખ્રિસ્તનાં નામમાં શુભેચ્છાઓ!

ફરી એકવાર, આ લેખ દ્વારા તમારી સાથે જોડાઈને ખૂબજ આનંદ થાય છે. આપણે ૨૦૨૪ના વર્ષમાંથી બે મહિનાઓ પૂરાં કરી દીધા છે. સમય ઘણો જ ઝડપથી પસાર થતો હોય એમ લાગે છે! ગીતશાસ્ત્ર ૭૭ જાહેર કરે છે કે, જે ઈશ્વરમાં આપણે વિશ્વાસ રાખીએ છીએ, તેઓ ચમત્કારો કરનાર ઈશ્વર છે, અને તેઓ તેમના લોકોની મધ્યે તેમના સામર્થ્યને દર્શાવવામાં રાજી થાય છે. તેઓ અશક્ય કરી બતાવવા આતૂરતાથી રાહ જુએ છે અને આ મુસાફરી દરમિયાન આપણાં તેમનામાંનાં અતૂટ ભરોસાને લીધે રાજી થાય છે.

આપણા જીવનની મુસાફરી અસંખ્ય અનપેક્ષિત વળાંકો અને ગુચવણોથી ભરેલી છે, જેમ કે ગતિ અવરોધો, ન દેખાતી જગ્યાઓ, વળાંકો, અણધારા ઉતારાઓ અને વધું, જે તેને અનિશ્ચિત બનાવે છે. સતત ફેરફારોથી ભરેલા આ અજાણ્યા રસ્તાઓ પર ચલાવવું એ

(અનુસંધાન પાન ૩ પર)




**ઈકો ઓફ હીઝ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

REACHING NATIONS



## *from your dearly beloved brother...*



## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL
Echo of His Call


**"યહોવા દેવને, ઈસ્રાએલના દેવને, ધન્ય હોજો, એકલો તે જ આશ્ચર્યકારક કામો કરે છે." (ગીતશાસ્ત્ર - ૭૨:૧૮)**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના અનૂપમ નામમાં તમને સલામ પાઠવીએ છીએ.

પાછલા થોડાક મહિનાઓમાં પ્રભુએ અમારી મિનિસ્ટ્રીજને અદ્‌ભુત રીતે દોરવણી પૂરી પાડી છે. અમારી યૂટ્યૂબ ચેનલ મારફતે અને અમારા **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિકો મારફતે પ્રભુએ તેમના પ્રેમાળ સંદેશાઓ પ્રસારિત કરાવ્યા હતા, તે દ્વારા જે લોકો દૂર હતા, તેમની



*નવા વર્ષની પૂર્વ સંધ્યાની ભજનસેવા*


પ્રભુએ મુલાકાત કરાવી છે. પ્રભુએ ૩૧મી ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલી નવા વર્ષની પૂર્વ સંધ્યાની ભજનસેવાને ઘણી બધી રીતે આશીર્વાદિત કરી હતી.

પાળક પી. અરોકીઆદાસ, જેમણે **નહેમ્યા બાઈબલ કોલેજ**માં અભ્યાસ કર્યો હતો, તેઓ હવે વાલાસારાવાક્કામમાં છે. તેઓ અમારા મુખ્ય વહીવટી કાર્યાલયમાં આવ્યા હતા અને તેમની સામર્થ્યવાન સાક્ષી અમારી સાથે વહેંચી હતી. તેમણે ત્યાં નવી મિનિસ્ટ્રી શરૂ કરી છે.



*પાળક પી. અરોકીયાદાસ વડીલ પાળક સાથે*

છત્તિસગઢ રાજ્યમાંથી ભાઈ સૂરેશ તિરગે તથા



*વડીલ પાળક સાથે ભાઈ સૂરેશ તિરગે અને તેમના દીકરા અવિનાશ તિરગે*


Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ☼ BIBLECOR - Postal Courses (3 languages) ☼ YouTube Ministry ☼ Online Courses ☼ Theological Correspondence Courses (2 languages) ☼ Church Planting ☼ Nehemiah Bible Colleges ☼ Gospel Printing Press ☼ Great Commission Partners ☼ St. Paul's Matriculation School ☼ Crusades ☼ Community Development

તેમના દીકરા અવિનાશ તિરગે તેમના સગાવહાલાઓ સાથે અમારા મુખ્ય ચર્ચની મુલાકાતે આવ્યા હતા. તેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામને મહિમાવાન કર્યુ કેમ કે તેઓ અમારું **ઈકો ઓફ હીજ કોલ** સામયિક હિન્દીમાં વાંચીને આશીર્વાદિત થયા હતા.



*મહાબલીપૂરમમાં યોજાયેલ એક દિવસીય રીટ્રીટ*

આપણા પ્રભુના આગલી હરોળના અમારા સાથી કાર્યકરો માટે કૃપા કરીને પ્રાર્થના કરશો જ્યારે તેઓ અમારા મુખ્ય ચર્ચની બહુવિધ પ્રવૃત્તિઓમાં સેવા આપી રહ્યા છે.

પ્રભુએ તા. ૨૬.૧.૨૦૧૪ના રોજ મહાબલીપૂરમમાં યોજાયેલ એક દિવસીય રીટ્રીટને આશીર્વાદિત કરી હતી, જેમા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓ તથા મુખ્ય ચર્ચના જુવાનો સાથે મળીને ૬૦ લોકોએ ભાગ લીધો હતો.

પ્રભુએ અમને અમારા નિવાસી હિન્દી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓ માટે લાંબા ગાળાની યોજના વિકસાવવામાં અને ઉત્તર ભારતના સ્થળાંતરીત કામગારોને સુવાર્તા વહેંચવામાં સહાય કરી છે, જેમાં ભાઈ વકીલ ધર્મરાજ, પાળક ફ્રેન્કલીન અને



પાળક દેવાદાસે પોતાની જાતને ઉત્તર ભારત મિનિસ્ટ્રીમાં આ દિવસોમાં સર્મપિત કર્યા છે.

કૃપા કરીને સર્વ મિનિસ્ટ્રીજ માટે અને ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજના ઈશ્વરના સર્વ સેવકોને માટે પ્રાર્થના કરશો. ઈશ્વરની કૃપા તમ સર્વની સાથે હો. અમીન.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એલેક્ષ સેમસન સામ**

**પાળક એસ. સામ સેલ્વ રાજ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## કૃપા કરીને ધ્યાન આપો : ઈકો ઓફ હીજ કોલના વાચકોને

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(પાન ૧થી આગળ...)

નોંધપાત્ર પડકારો છે.

જ્યારે હું ગાડી ચલાવું છું ત્યારે હું હમેશાં માર્ગદર્શિકા પર આધાર રાખુ છું. પ્રથમ તો, માર્ગમાં ખોવાયા વગર એ ખાતરી કરવા કે હું મારા ગંતવ્ય સ્થાન પર પહોંચી છું, અને બીજું, આગળના માર્ગ વિશે સમજવા. હું પર્વતિય વિસ્તારમાં રહું છું અને તેનો અર્થ છે મારે ઘણા ચઢઉતારવાળા માર્ગોનો સામનો કરવાનો હોય છે, ગુગલ મેપ જેવા એપ્લીકેશનો મને વધુ સલામત રીતે ગાડી ચલાવવામાં મદદ કરે છે, આગળના માર્ગને દર્શાવવા. ઉદાહરણ તરીકે, હું પૂર્વાનુમાન લગાવી શકું છું કે આગળ વળાંક હશે અને બીજી ગાડીઓની આગળ નીકળી જવાનું ટાળુ છું, બીજી ગાડીની આગળ નીકળી જવા માટે સીધા માર્ગ માટે તૈયાર રહું છું, ન દેખાય એવા સ્થળોએ ગાડી ધીમી ચલાવું છું અને અજાણ્યા હોય એવા રસ્તાઓ પર પણ સાવચેતીપૂર્વક ગાડી ચલાવું છું. GPS સાથે, હું અનિશ્ચિત રોડને માટે વધુ સારી

**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV (See Rule 8)**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | **New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai - 600 005.** |
| 2. Periodicity | : | **Monthly** |
| 3. Printer, Editor, Owner & Publisher | : | **S. Sam Selva Raj** (Same Address) |
| 4. Nationality | : | **Indian** |

I, **S. Sam Selva Raj** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2024** **S. Sam Selva Raj.**

રીતે તૈયાર રહું છું. ઘણીવાર, GPS સાથેના જીવનની પણ ઈચ્છા રાખું છું! શરૂઆતથી અંત જોવા માટે તે મદદરૂપ થશે.

હું તમારા વિશે જાણતી નથી, પણ વ્યક્તિગત રીતે, હું શરૂઆતની પહેલા, અંત વિશે જાણવાનું પસંદ કરું છું. ક્યા જવાનું છે તે જાણ્યા વગર મારે કામ કરવું મુશ્કેલ હોય છે. હું પરીણામ વિશે પહેલા વિચારવા લાગું છું અને પછી પાછળથી કામ કરું છું. જો કે, જીવન તે રીતે ચાલતું નથી. તે આપણી તરફ અનપેક્ષિત પડકારો ફેંકે છે જ્યારે આપણે તેની અપેક્ષા રાખી ન હોય. વહાલાને અચાનક ગુમાવવાનું દુઃખ, નોકરીમાં બદલાવ, નાણાકીય મુશ્કેલીઓ કે સંબંધોમાં અનપેક્ષિત તોફાનો એ બાબતોના ઉદાહરણ છે જેની આપણે ક્યારેય કલ્પના પણ કરી ન હોય.

આવી અનિશ્ચિતતા સાથે આપણે કેવી રીતે વ્યવહાર કરીએ છીએ? હું એક દંપતીને જાણું છું, જેઓ ૨૭ વર્ષોથી લગ્નનાં બંધનમાં જોડાયેલા છે, ત્રણ સુંદર બાળકો છે અને તેઓ સમજદાર અમને કાળજી રાખનાર દંપતી તરીકે જાણીતા હતા. અચાનક, મેં સાંભળ્યું કે તેઓ અલગ થવા જઈ રહ્યા છીએ, જે આઘાતજનક હતું. જ્યારે મેં તે પત્નીને તે વિશે પૂછ્યું, તેણીએ કહ્યું તે મને ઘણા ઓછા અપેક્ષિત સમયમાં લાગ્યું છે. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે તે મારા જીવનમાં થશે.

તે સખત અને દુઃખદાયક હતું, જો કે સત્ય હમેશાં એ જ રહે છે. આ સર્વ પરિસ્થિતિઓમાં, એક બાબત ચોક્કસ છે; ઈશ્વર વિશ્વાસુ છે! ભય, દુઃખ, વેદના, નિષ્ફળતાઓ, હાર, આનંદ અને સુખની વચ્ચે ઈશ્વર વિશ્વાસું છે.

બાઈબલ ગીતશાસ્ત્ર ૭૭:૧૪માં કહે છે, **"તું ચમત્કાર કરનાર દેવ છે; તે લોકોમાં તારું સામર્થ્ય પ્રગટ કર્યુ છે."**

વ્યક્તિગત રીતે, અને મંડળી તરીકે, આપણે જાણવાની ઈચ્છા રાખીએ છીએ કે પ્રભુ આપણી મંડળીમાં અને આપણા કુટુંબોમાં આ અનિશ્ચિતતાના સમયોમાં શું કરવા જઈ રહ્યા છે.

વધુમાં, એક મોટા પ્રશ્ન છે કે, "આ બધી પરિસ્થિતિઓમાં ઈશ્વર ક્યાં છે?" આ એક વધુ સામાન્ય અને ભયજનક પ્રશ્ન છે.

બાઈબલ આપણને શીખવે છે કે, જ્યારે લોકો અસહાય હોય છે, નથી જાણતા કે ક્યાં જવું, કેવી રીતે જવું, અને તેમના ભવિષ્યમાં આગળ પગલું શું હશે, ત્યારે ઈશ્વર અદ્‌ભુત બાબતો કરે છે. અનિશ્ચિત સમયો! હું જાણતી નથી કે આપણામાંનાં કેટલા અનિશ્ચિત સમયોમાંથી પસાર થઈ રહ્યા છે. શું મારી જીંદગી હમેશાને માટે બદલાઈ જશે? જ્યારે તમે પડકારોનો અનુભવ કરો છો, ત્યારે પણ ઈશ્વર હજુ સિંહાસન પર જ છે. તેઓ હજુ પણ શાસન કરી રહ્યા છે. તેઓ આપણા જીવનમાં અમુક પરિસ્થિતિઓને થવા મંજૂરી આપે છે, જેથી આપણે તેમની તરફ જોઈએ અને આ પરિસ્થિતિઓમાંથી આપણને ઊંચે ઉઠાવશે.

ત્યા ઈસ્રાએલીઓના જીવન કરતા કોઈ બીજુ ઉદાહરણ નથી. તેઓ ગુલામીના બંધનમાંથી છૂટવા માટે ૪૦૦ વર્ષોથી પ્રાર્થના કરી રહ્યા હતા. અંતે, યહોવા પ્રભુએ ચમત્કારો કર્યા અને મિસરીઓને તેમનું સામર્થ્ય જાહેર કર્યુ હતું. મરકીઓ, મરણ, લાલ સમુદ્રનાં બે ભાગ કરવા. તેજ સમુદ્રમાં મિસરીઓના સૈનિકોને ડુબાડી મારવા, જેમાંથી ઈસ્રાએલીઓને સલામત રીતે કિનારે દોરી લઈ ગયા. બધી ૧૦ મરકીઓ મિસરીઓને ઈશ્વરના સામર્થ્યનો પરચો દેખાડવા માટે હતી. ઈશ્વર તેમને આવી રીતે જ બહાર કાઢી શકવાના હતા. તેઓ માત્ર મિસરીઓ જ જાણે તેમ ઈચ્છતા નહોતા, પણ ઈશ્વરના લોકો પણ સમજે કે આ યહોવા પ્રભુ કોણ છે! તેઓ કેવા પ્રકારના ઈશ્વર છે! તેઓ કેવા સામર્થ્યવાન છે! સમયની પરીક્ષામાં ઊભા રહેવા. તેથી જ આપણે તે વિશે ૨૦૨૪માં પણ વાત કરીએ છીએ!

### અનિશ્ચિતતાના સમયો સાથે આપણે કેવી રીતે વ્યવહાર કરીશે?

અનિશ્ચિતતાના સમયો દરમિયાન, જે પ્રકારની ભાવનાઓનો આપણે અનુભવ કરીએ છીએ તે : મુંઝવણ, શંકા, પ્રશ્નાર્થ, ભય, વ્યગ્રતા, હાલની પરિસ્થિતિને માટે બીજાઓને દોષ આપવો, ગુસ્સો, હતાશા, ચીડ, કડવાશ, નિરાશા, નાહિંમત, ઉદાસીનતા, એકલવાયુપણું, ચિંતા અને બેચેની, જે અંત સુધી ચાલ્યા કરે છે! તેથી, શું આપણે "બંધ કરો" કે "નિયંત્રિત કરો અને કાઢી નાખો" અને કશું જ થશે નહિ એમ ઢોંગ કરીએ અને વહેણની સાથે આગળ વધીએ?

(આગળ પાન ૬ પર...)

## નહેમ્યા બાઈબલ

સાંધ્ય/નિવાસી કોલેજ, ચૈનાઈ

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

માધ્યમ : हिंदी / तमिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
એશિયા થીઓલોજીકલ એશોસિએશન (ATA)
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

શૈક્ષણિક પાત્રતા :
૧૦મું ધોરણ અને વધુ

ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ
ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા

પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજો
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮
E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)



**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ માર્ચ ૨૦૨૪ થી ૧૮ એપ્રિલ ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ માર્ચ** : આપણા **બાઇબલકોર** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના આશીર્વાદને માટે.

**૨૦ માર્ચ** : આપણા **નહેમ્યા બાઇબલ કોલેજના** વિદ્યાર્થીઓ અને મુખ્ય ચર્ચના જુવાનો માટે તા. ૨૬મી જાન્યુઆરીએ મહાબલિપૂરમમાં યોજવામાં આવેલી આપણી એક દિવસીય રીટ્રીટ પરના તેમના આશીર્વાદને માટે.

**૨૧ માર્ચ** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબને દરેક દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**૨૨ માર્ચ** : ૧૯૬૯થી ચાલતી આપણી સામયિક મિનિસ્ટ્રી પરના તેમના આશીર્વાદને માટે.

**૨૩ માર્ચ** : આપણા વડીલ પાળકની બહુવિધ મિનિસ્ટ્રીજો મારફતે સુવાર્તાનો પ્રચાર કરવાની પ્રતિબધ્ધતાને માટે.

**૨૪ માર્ચ** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબોને આશીર્વાદિત કરવા માટે.

**૨૫ માર્ચ** : આપણા મુખ્ય ચર્ચમાંના નવા વિશ્વાસીઓને અભિષેકથી આશીર્વાદિત કરવા માટે.

**૨૬ માર્ચ** : આપણા **નહેમ્યા બાઇબલ કોલેજને** આશીર્વાદિત કરવા માટે.

**૨૭ માર્ચ** : આપણા સર્વ સહ સંપાદકો અને તેમના કુટુંબીજનોને આશીર્વાદિત કરવા માટે.

**૨૮ માર્ચ** : આપણા જુવાનો તથા બાળકો માટેના **વૈશ્વિક દર્શનની મિનિસ્ટ્રીને** આશીર્વાદિત કરવા માટે.

**૨૯ માર્ચ** : આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલને** વધુ સમર્પિત ખ્રિસ્તી શિક્ષકો અને આચાર્ય સાથે આશીર્વાદિત કરવા માટે.

**30 માર્ચ** : મિશન કાર્યકરો તરફથી મોટી પ્રતિબધ્ધતાને માટે.

**31 માર્ચ** : આપણા રાજ્ય કોઓર્ડિનેટ્સોને અને તેમના કુટુંબીજનોને આશીર્વાદિત કરવા માટે.

**૧ એપ્રિલ** : પાછલા મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પુરી પાડવા માટે.

**૨ એપ્રિલ** : રાજકીય અને ધાર્મિક વિરોધ વચ્ચે આપણી ખ્રિસ્તી મિનિસ્ટ્રીઓને સમૃદ્ધ બનાવવા માટે.

**૩ એપ્રિલ** : અરાજકતા અને યુદ્ધના ભય વચ્ચે દરેક દેશોને દૈવી રક્ષણ પૂરું પાડવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૪ એપ્રિલ** : આ પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવા માટે ઈશ્વર અમને વધુને વધુ દર્શનો આપે તે માટે.

**૫ એપ્રિલ** : વાયરલ તાવ અને નવા ચેપી રોગો સામે રક્ષણ પૂરું પાડવા માટે.

**૬ એપ્રિલ** : સર્વ શક્ય માર્ગોએ અને પગલાઓએ અમારી મિનિસ્ટ્રીઓના વિસ્તરણ માટે.

**૭ એપ્રિલ** : દુનિયાના સર્વ અધ્યક્ષો, વડા પ્રધાનો અને સર્વ સરકારી સત્તાઓને માટે.

**૮ એપ્રિલ** : અમારા સમર્થકો, શુભેચ્છકો અને મિત્રોને માટે જેઓ અમારી મિનિસ્ટ્રીજને પ્રાર્થના તથા નાણાકીય સહાય દ્વારા ધરી રાખે છે.

**૯ એપ્રિલ** : આપણા સર્વ સહ સંપાદકો અને તેમના કુટુંબીજનોને માટે.

**૧૦ એપ્રિલ** : દુનિયાભરના જુવાનો તથા બાળકો ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારણહાર તરીકે સ્વીકારે તે માટે.

**૧૧ એપ્રિલ** : તમામ દેશોમાં એકતા માટે અને તમામ પાસાઓ અને આયોજનમાં પ્રગતિ થાય તે માટે.

**૧૨ એપ્રિલ** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**૧૩ એપ્રિલ** : આપણા **નહેમ્યા બાઈબલ કોલેજના** પુસ્તકાલયના પુસ્તકો કોહા સોફ્ટવેરમાં અપડેટ્સ થાય તે માટે.

**૧૪ એપ્રિલ** : દુનિયાના સર્વ લોકોની જરૂરિયાતો પૂરી થાય તે માટે.

**૧૫ એપ્રિલ** : અમારી મિનિસ્ટ્રીની નાણાકીય જરૂરીયાતો પુરી થાય તે માટે.

**૧૬ એપ્રિલ** : વિશ્વમાં પ્રવર્તતી આર્થિક મંદીનો અંત આવે તે માટે.

**૧૭ એપ્રિલ** : તેમના લોકો પર ફરી એકવાર ઈશ્વરની કૃપા વરસે તે માટે.

**૧૮ એપ્રિલ** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના દરેક સભ્યોને દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

(પાન ૪ પરથી આગળ...)

તે સમયોમાં આપણે શું કરવું જોઈએ?

**૧. ઈશ્વરના વચનની ખાતરીને પકડી રાખો! કેમ કે તેઓ આપણું ભવિષ્ય જાણે છે!!**

તમારા અજાણ્યા ભવિષ્યને જાણી શકનારા ઈશ્વરના હાથમાં સોંપી દો.

બીજા શબ્દોમાં, ઈશ્વરને વળગી રહો. કોઈપણ બાબતની શરૂઆત કરતા પહેલા અથવા આયોજન કરતા પહેલા પ્રાર્થના કરવી, કોઈપણ માનવીય સ્ત્રોતને બદલે પ્રભુ પાસેથી દોરવણી મેળવવી મહત્વપૂર્ણ છે. કંઈપણ નવુ શરૂ કરતા પહેલા ઈશ્વરના વચનમાંથી પુષ્ટિ મેળવો.

અનિશ્ચિતતાના સમયોમાં, ઈશ્વરના લોકો પાસે, તેમની તરફ ફરવા માટે, દાવો કરવા માટે અને તેમાં આશા રાખવા માટે ઈશ્વરના વચનની ખાતરી છે. આજે તમારી આશા ક્યાં છે? આજે આપણી આશા ક્યાં છે? શું તમારા પગારમાં, નોકરીની સલામતીમાં છે? જો આપણને આવતી કાલે નોકરી ગુમાવવાનો વારો આવે, તો શું આપણે જાહેર કરી શકીએ કે, "મને કશાની કમી નથી, મારા ઈશ્વર મારી બધી જરૂરીયાતો પૂરી પાડશે, ઈશ્વરની ભલાઈ મને સંતોષી શકશે?"

અનિશ્ચિતતાના સમયો દરમિયાન, વિશ્વાસુ ઈશ્વરની હાજરીને શોધો અને તેમને વિનંતી કરો, કેમ કે તેઓ આપણું ભવિષ્ય, આવતી કાલો અને આપણી ગઈકાલો જાણે છે. તેમને અને તેમના વચનોને પકડી રાખો.

નિર્ગમન ૪:૨ માં આપણે ઈશ્વર મૂસાને જે કહે છે તે જોઈએ છીએ, "**તારા હાથમાં એ શું છે?**" અને તેણે કહ્યુ કે, "**લાકડી**". આ ચમત્કાર ત્યારે થાય છે જ્યારે મૂસા તેની જૂની લાકડી ઈશ્વરના હાથમાં મૂકવાનું પસંદ કરે છે. તે "ઈશ્વરની લાકડી" થઈ જાય છે. તે લાકડીના સામર્થ્યની સાક્ષીને જુઓ જ્યારે તે ઈશ્વરની લાકડીમાં બદલાઈ જાય છે.

નિર્ગમન ૧૭:૯માં મૂસા યહોશુઆને કહે છે કે, "**આપણે માટે માણસો ચૂંટી કાઢ, ને જઈને અમાલેકની સાથે યુદ્ધ કર; હું કાલે મારા હાથમાં દેવની લાકડી લઈને પર્વતના શિખર પર ઊભો રહીશ.**" ઈશ્વરની લાકડી સાથે, તેઓ લડાઈમાં યુદ્ધ કરવા સામેલ થયા હતા.

મૂસાના જીવન તરફ જોતા, આપણે એક અનિચ્છા ધરાવતા સહભાગીને જોઈએ છીએ જે બહાના કાઢે છે અને જેની મિસરમાં પાછા જવાની મરજી ન હતી. અનિશ્ચિતતાના સમયોએ તેના કુટુંબના કલ્યાણ માટે, તેણે ગુમાવેલી આગેવાની માટે, રાજકુમાર તરીકે તેણે મેળવેલી કુશળતા, તેની ફારુનની આગળ બોલવાની વાકપટુતા અને તે જગ્યામાં પાછા ફરવાનો ભય જ્યાં તેના પોતાના લોકોએ તેની કિંમત કરી નહતી, એવા પ્રશ્નો ઊભા કર્યા હતા.

તેની શંકાઓ અને ભયો છતાં, જ્યારે મૂસા તેના હાથમાં જે હતું, તેને સમર્પિત કરે છે, ત્યારે તે કંઈક અસાધારણ બની જાય છે, જેની મારફતે ઈશ્વર ચમત્કરો કરવાના હતા અને તેમનું સામર્થ્ય દેખાડવાના હતા.

શું તમે તમારા હાથમાં જે છે તેનું ઈશ્વરની આગળ સમપર્ણ કરવાની ઈચ્છા રાખો છો, જેથી તેઓ ચમત્કારો કરવા તેનો ઉપયોગ કરી શકે? તમારા ભય, ચિંતાઓ, પ્રશ્નો, મુંઝવણો, શંકા, બેચેની, હાલની પરિસ્થિતિને માટે બીજાઓને દોષ આપવો, ગુસ્સો, ઉદાસીનતા અને આવી નકારાત્મક લાગણીઓને તેમને સોંપી દો.

આવો તેને ઈશ્વરની લાકડી બનાવા દઈએ!

**૨. ધાર્મિક લોકો સાથે તમારી જાતને સમર્પિત કરી દો, જેથી તેઓ તમારી સાથે ચાલી શકે!**

આ બધા કારણોમાંનું એક છે કેમ આપણી પાસે મંડળી અને મંડળીનું કુટુંબ છે. જ્યારે તમે તમારા જીવનમાં અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહ્યા છો, ત્યારે તમારી સાથે ચાલવા માટે ધાર્મિક લોકોને રાખો, જેઓ તમને સામર્થ્ય આપી શકે, તમારી સાથે પ્રાર્થના કરી શકે અને તમારા એકલતાભર્યા માર્ગનાં તમને ધરી રાખી શકે. આપણે સંબંધો એવા લોકો સાથે વિકસાવવાની જરૂર છે, જેઓ આપણી સાથે ચાલી શકે અને આપણી સાથે પ્રાર્થના કરી શકે અને આપણને આત્મિક સલાહ પૂરી પાડી શકે.

આજે, કોઈક એવી વ્યક્તિને પસંદ કરો, જેની સાથે તમે નિયમિત ધોરણે પ્રાર્થના કરી શકો! કોઈક એવી વ્યક્તિને પસંદ કરો જે તેમની આત્મિક કુશળતા સાથે અશીર્વાદિત કરી શકે અથવા એવી વ્યક્તિને પસંદ કરો, જેની સાથે તમે તમારા અનુભવ અને કુશળતા સાથે આત્મિક આશીર્વાદરૂપ બની શકો. જો તમે બન્ને કરી શકો, તો તે હજુ પણ સારું છે.

ત્યાં દાનિયેલના જીવનમાં સમય હોઈ શક્યો હશે જુવાન તરીકે, તેના કુટુંબને, મિત્રોને, જન્મસ્થળને, સંબંધીઓને અને સ્વતંત્રતાને ગુમાવતી અનિશ્ચિતતા હોઈ શકી હશે, એક અજાણ્યા દેશમાં બંદીવાન દાસ તરીકે જતા (મરજી ન હોવા છતા તેમનો સહભાગી).

પ્રમથ અધ્યાયમાં તે ઈશ્વરની કૃપા મેળવે છે - બધુ સારી રીતે ચાલતું હતું અને અચાનક બીજા અધ્યાયમાં, દાનિયેલને એક ગંભીર દૂવિધાનો સામનો કરવો પડ્યો હતો. **રાજાને સ્વપ્ન આવ્યું હતું, અને "તેથી તેનો જીવન ગભરાયો, ને તેની ઊંઘ ઊડી ગઈ."** (દાનિયેલ ૨:૧).

(આગળ પાન ૯ પર...)

## નહેમ્યા બાઈબલ કોલેજ

### પદવીદાન સેવા માટેનો સમારંભ : ૨૦૨૩ - ૨૦૨૪





| | | |
|---|---|---|
| સ્થળ | : | BKN Hall, Vepery, Chennai - 07. |
| તારીખ | : | ૧લી જૂન, ૨૦૨૪ (શનિવાર) |
| સમય | : | સાંજે ૫.૦૦ વાગે |

૫૦ જેટલા વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરશે અને તેમને મિશનકાર્યના વિસ્તારોમાં મોકલવામાં આવશે.

અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે તામિલ અને હિન્દી અભ્યાસક્રમો માટે ૭૫ વિદ્યાર્થીઓની જરૂર છે. આ વિનંતી માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

| | | |
|---|---|---|
| ૧. | પ્રાર્થના ભજનસેવા | - ૨૪ કલાકો. |
| ૨. | **બાઈબલકોર** | - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી. |
| ૩. | **ઈકો ઓફ હીજ કોલ** | - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ |
| ૪. | નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી) | |
| ૫. | ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ | |
| ૬. | મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું) | |
| ૭. | તાલિમ કાર્યક્રમો | |
| ૮. | ક્રુસેડો | |
| ૯. | સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ | |
| ૧૦. | સુવાર્તા છાપખાનું | - પ્રકાશનો |
| ૧૧. | સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા | |
| ૧૨. | રવિવારની શાખા | - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે. |
| **૧૩.** | **તામિલ ભજનસેવા** | **- રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે** |
| **૧૪.** | **હિન્દી ભજનસેવા** | **- રવિવારે સાંજે ૪.૦૦ વાગે** |
| **૧૫.** | **તેલગુ ભજનસેવા** | **- રવિવારે સાંજે ૫.૦૦ વાગે** |
| **૧૬.** | **અંગ્રેજીને તામિલ ભજનસેવા** | **- રવિવારે સાંજે ૬.૦૦ વાગે** |
| ૧૭. | મહિલાઓની પ્રાર્થના | - બુધવારે સાંજે ૫.૦૦ વાગે |
| ૧૮. | પૂરૂષોની પ્રાર્થના | - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે |
| ૧૯. | અનુશાસનતા બેઠકો | - શનિવારે સાંજે ૬.૦૦ વાગે |
| ૨૦. | ગૃહ બેઠકસભા | - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે |
| ૨૧. | ખાસ પ્રભુ ભોજન | - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે |
| ૨૨. | સેવકોની સમીક્ષા બેઠક | - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે |
| ૨૩. | માતાપિતાઓની પ્રાર્થના | - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે |
| ૨૪. | રાત્રી પ્રાર્થના | - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે |
| ૨૫. | ઉપવાસ સાથેની પ્રાર્થના | - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે |
| ૨૬. | પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે | |
| ૨૭. | સવારની ભક્તિ | - દરરોજ સવારે ૫.૦૦ વાગે |
| ૨૮. | કર્મચારીઓની તાલીમ | - દરરોજ સવારે ૯.૦૦ વાગે |
| ૨૯. | કાયાલય | - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય) |

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

**હું તને એ જમીન આપીશ જેના પર તું ચાલ્યો હશે!**

**"જે જે ઠેકાણું તમારા પગ નીચે આવશે તે દરેક મેં તમને આપ્યું છે." (યહોશુઆ ૧:૩)**

તે ૧૯૭૩નું વર્ષ હતું! તે ઉનાળાનો સમય હતો, ગરમીનો એપ્રિલ/મે મહિનાઓનો! ચેન્નાઈના તામબરામમાં આવેલી કોરલેય હાઈસ્કૂલમાં એક ત્રણ દિવસીય રીટ્રીટનું આયોજન જુવાન પુરુષો અને મહિલાઓ માટે કરવામાં આવ્યું હતું. ભાઈ આર. સ્ટેનલી, જેઓ "બ્લેસીંગ યૂથ મિશન" જે જુવાન માણસો માટેની જાગૃતિની સંગત હતી, તેના સંસ્થાપક હતા, તેઓ સામર્થ્યવાન અને પડકારદાયક સંદેશો આપી રહ્યા હતા. આજ સુધી, તેઓ ખ્રિસ્તી મિનિસ્ટ્રીના સેવાકાર્યમાં મોટા આગેવાન રહ્યા છે.

તે સભાઓમાં મેં પણ ભાગ લીધો હતો. ત્યારે હું ૨૩ વર્ષની વયનો હતો અને મારા સરકારી પદની સાથે સાથે ઈશ્વરનું કાર્ય પણ પહેલેથી કરી રહ્યો હતો. મેં મારા જીવનમાં એક પડકારભર્યો અનુભવ પ્રાપ્ત કર્યો હતો.

"ત્રણ દિવસીય રીસ્ટ્રીટ" ત્રીજે દિવસે બપોરના ભોજનના સમયે પૂરી થઈ હતી. દરેક જણ બસ કે ટ્રેનમાં ઘરે જવાની ઉતાવળમાં હતા.

પણ હું તે જગ્યા છોડી શક્યો નહિ, અને કારણ કે પવિત્ર આત્માની દોરવણીથી, હું એક કલાક સુધી કોરલેય હાઈસ્કૂલના દરવાજા પાસે માત્ર ઉભો રહ્યો હતો. ઈશ્વરના સેવક, ભાઈ આર. સ્ટેનલી દ્વારા બોલાયેલા દરેક શબ્દ મારી આત્મિક આંખોની સામે આવી રહ્યો હતો.

પવિત્ર આત્માએ તેમના ધીમા અને સૌમ્ય અવાજમાં મારી સાથે વાત કરી, તેને કારણે, હું જ્યાં રહેતો હતો ત્યાં હું જઈ શક્યો નહિ. પણ તેનાથી વિપરિત, તે ગરમ તડકાના દિવસે મને ચેન્નાઈના વેલાચેરીના મુખ્ય માર્ગ પર - તામબરામ તરફ દેરી જવામાં આવ્યો હતો. જે જુવાન પુરુષો તથા મહિલાઓ તે સભામાં મારી સાથે હતા, તેમણે વિચાર્યુ હશે કે મારી પાસે બસ કે ટ્રેનની ટીકીટ લેવાના પૈસા નહોતા એટલે હું ચાલતા જઈ રહ્યો છું. તેઓ તેમના વાહનોની બારીઓમાંથી મારી તરફ દુઃખભરી નજરે જોઈ રહ્યા હતા.

પણ મેં કશાની ચિંતા કરી નહિ. હુ ચાલતો રહ્યો હતો અને જે લોકોને રસ્તામાં ચાલતા જોયા અથવા જે લોકો રસ્તાની બન્ને બાજુએ રહેતા હતા, તેમને સુવાર્તા ટ્રાક વહેંચતો હતો. તે દિવસે હું ૧૨ કિલોમીટરથી વધુ ચાલ્યો હતો. હું ભૂખ્યો થયો હતો; મને તરસ લાગી હતી; મારા ચપ્પલની પટ્ટી તૂટી ગઈ હતી. રસ્તા પરના વેચનારાઓ ઘણી દયા અને અનુકંપા સાથે મારી તરફ જોઈ રહ્યા હતા કે એક જુવાન છોકરો સૂરજના ગરમ તડકામાં તેના હાથમાં કેટલાક પુસ્તકો અને તૂટેલા ચપ્પલો સાથે રસ્તા પર ચાલી રહ્યો હતો. મારી પાસે જે સુવાર્તા ટ્રાકો હતી, તે સર્વ પૂરી થઈ ગઈ હતી. વધુમાં, તે સમયે લોકોની અવરજવર ઓછી થઈ ગઈ હતી.

મને એવું લાગ્યુ કે જાણે, આકાશ ઉઘડ્યું હતુ અને આકાશમાંથી બે આંખોની સાથે ટોળાઓની બીજી આંખો મને અને મારી મુશ્કેલ પરિસ્થિતિને જોઈ રહ્યા હતા. હું શારીરિક રીતે થાકી ગયો હતો પણ મારા આત્મામાં મજબૂતી અનુભવતો હતો. રાત્રે હું મારા ચેન્નાઈના ચેપોક નામના સ્થળે પહોચ્યો હતો.

દિવસો પસાર થઈ ગયા હતા. વર્ષો પસાર થઈ ગયા હતા. તે દિવસે પ્રભુએ મને તે બધા વિસ્તારોમાંથી ઘણા બધા આત્મિક લોકો આપ્યા હતા. તેમણે ભાઈ દુરાઈ અને તેમના પત્નિ બહેન ફેન્નેલાના કુટુંબ સાથે અને સર્વ એડવન્ટ મિશન ચર્ચના પાળકો સાથે માર્ગમાં ઊંડા સંબંધો આપ્યા હતા. ૧૯૯૭માં, પ્રભુએ સંથોષપૂરમમાં મને ચર્ચ સાથે અને એક અંગ્રેજી માધ્યામિક હાઈસ્કૂલ (**સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**) સાથે આશીવાર્દિત કર્યો હતો, જ્યાં હું ચાલ્યો હતો. વેલાચેરીમાં, જ્યા તે દિવસે ચાલતા ચાલતા થોભ્યો હતો, ત્યાં પ્રભુએ મને ચર્ચ બાંધવા અને અમારી પૂર્ણ સમયની નિવાસી હિન્દી **નહેમ્યા બાઈબલ કોલેજ** ચલાવવા સમર્થ કર્યો હતે. યહોવા પ્રભુએ ઈશ્વરના સેવક ભાઈ એડવીન સાથે વાત કરી હતી અને તેમણે તેમની મિલકત મારી મિનિસ્ટ્રી માટે દાનમાં આપી હતી, જેથી હું તેને ચર્ચ માટે અને **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે વાપરી શકું.

આ બે મિનિસ્ટ્રીજ હાલમાં **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની** બે આંખો તરીકે કાર્ય કરી રહી છે.

યહોવા પ્રભુએ મને પવિત્ર આત્માની પ્રેરણાને આજ્ઞાકારી બનાવવામાં દોરવણી પૂરી પાડી હતી અને તે સખત અનુભવોમાંથી પસાર થવામાં સહાય કરી હતી.

વહાલા ભાઈઓ તથા બહેનો, શું તમે ક્યારેય સાંભળ્યું છે કે યહોવા પ્રભુએ તમારી સાથે આ રીતે વાત કરી છે? શું તમે ક્યારેય તરત જ આજ્ઞા પાળી છે? શું તમે ક્યારેય ઈશ્વરની દોરવણી પ્રમાણે કાર્ય કર્યુ છે? અથવા ઈશ્વરે જે મિનિસ્ટ્રી તમને આપી છે, તેને બદલે, શું તમે યૂના જેવા છો, બીજી મિનિસ્ટ્રી કરો છો, જે તમને આનંદ, સંતોષ અને સલામતી આપે છે? શું તમે ઘણા બધા લોકોમાંના એક છો, જેઓ તેમની સગવડતા પ્રમાણે મિનિસ્ટ્રી કરે છે અને વિચારે છે કે તે ઈશ્વરની ઈચ્છા છે?

યહોવા પ્રભુએ યહોશુઆને વચન આપ્યું હતુ કે જે જે ભૂમિ પર

તેનો પગ ફર્યા હતો, તે દરેક ભૂમિ તેઓ તેને આપશે. તે પ્રમાણે તેમણે તેમનુ વચન પરિપૂર્ણ કર્યુ હતું. (યહોશુઆ ૧૪:૯). તેઓ તમારી સાથે પણ એજ બાબત કરશે. જે યહોવા પ્રભુએ તમને તેડ્યા છે, તેઓ વિશ્વાસુ છે! તેમની આજ્ઞા પાળો અને તેમની ઈચ્છા પ્રમાણે કરો. આ પ્રેમાળ ઈશ્વરને વિશ્વની સમક્ષ લઈ જવા આગળ આવો. ચોક્કસ ત્યાં વિજય છે!

(પાન ૬ પરથી આગળ...)

કલમ ૧૨: **આ કારણથી રાજાને ઘણો ક્રોધ ચઢ્યો, તે બહુ કોપાયમાન થયો, ને તેણે બાબિલના સર્વ જ્ઞાનીઓને કત્તલ કરવાની આજ્ઞા કરી... તેથી સિપાઈઓએ દાનિયેલ તથા તેના સાથીઓને મારી નાખવા સારું શોધ્યા.** દરેક બાબત સારી રીતે ચાલતી હતી, અચાનક તે તેની નોકરી, ખ્યાતિ, જવાબદારી અને સર્વની ઓળખ ગુમાવવા જઈ રહ્યો હતો. જે સઘળી બાબતો માટે અત્યાર સુધી તેણે સખત મહેનત કરી હતી, તે સઘળી વ્યર્થ ગઈ હતી.

તેણે શું કર્યુ હતું? દાનિયેલ ઘણા ઠંડા અનિશ્ચિતતાના સમયમાં હતો. તેણે શું કર્યુ હતું? કલમો ૧૭ અને ૧૮ પ્રમાણે, તેણે તેના મિત્રોની સાથે વાત વહેંચી હતી અને તેમણે પ્રાર્થના કરી હતી. તરત જ તેણે પોતાની જાતને એવો જ વિશ્વાસ ધરાવતા લોકોની સાથે ઘેરી લીધો હતો, જેઓ તેની સાથે ચાલી શકે અને જે માર્ગે તે જઈ રહ્યો હતો, તેને સમજી શકે. તેઓએ પ્રાર્થના કરી હતી અને આપણે જાણીએ છીએ કે શું થયું હતું. ઈશ્વરે તેમની ભવિષ્યની યોજનાઓ તેમને પ્રગટ કરી હતી. આપણા ઈશ્વર મહાન છે. તેથી, ધાર્મિક લોકોની સાથે તમારી જાતને ઘેરાયેલી રાખો.

## ૩. છાનાં રહો અને નિશ્ચે જાણો કે હું ઈશ્વર છું!

અનિશ્ચિતતાની લાગણી તમારા મગજમાં ઉપરના આવરણને બંધ કરી શકે છે અને સમસ્યાઓ હલ કરવાની, ધ્યાન આપવાની અને પોતાની રીતે વાળી શકાય તેમ રહેવાની તમારી ક્ષમતાને નબળી બનાવી શકે છે. આને કારણે તમારી આંતરિક વર્તણુકમાં બદલાવની તકોને વધારે છે અને તમને ચિંતા હતાશા અને તાણનો શિકાર બનાવે છે.

તેથી જ તે મહત્વની બાબતો પર તમારું મન સ્થિર કરવું.

છાનાં રહેવું એ કાર્ય આપણી સભાનતાઓને ધારદાર બનાવે છે અને આપણને આપણી હાલની પરિસ્થિતિઓમાં (અજાણી) ઈશ્વરની હાજરીથી વધુ વાકેફ બનાવે છે.

જ્યારે પણ આપણે મુંઝવણમાં હોઈએ, આપણે પર્વતો તરફ જોવું જોઈએ, જ્યાંથી આપણી સહાય આવે છે, આકાશ તથા પૃથ્વીના કર્તા તરફથી. તેઓ પૃથ્વીને ઉથલપાથલ કરે છે અને સમુદ્રને ધ્રૂજાવે છે, તેઓ એ છે જેઓ દ્વારને ઉઘાડે છે અને બંધ કરે છે.

યહોવા પ્રભુની હજૂરમાં છાનાં રહો, એનો અર્થ એ છે કે યહોવા પ્રભુની હાજરીમાં જવું અને બેસવું અને શાંત રહેવુ. તેમને કશુ કહો નહિ, જ્યાં સુધી તમને તેમની તરફથી સંભળાય નહિ,ત્યાં સુધી તેમને કશું બોલો નહિ, જેઓ તમારા વિશ્વાસના અગ્રેસર અને સંપૂર્ણ કરનાર છે. **ઈશ્વરના યુદ્ધને તમારુ યુદ્ધ બનાવવાનો પ્રયત્ન ન કરો.**

જ્યારે તમે યહોવા પ્રભુની હજૂરમાં જાઓ છો

૧) તમારી મર્યાદાઓને સ્વીકારો - તમારી લાગણીને નામ આપો.

૨) તમારી પાસે છે તે ઈશ્વરને આપો - લાકડી અને તેને ઈશ્વરની લાકડી બનવા દો/તેની સાથે વ્યવહાર કરવા ઈશ્વરની સમસ્યા બનવા દો.

૩) ઈશ્વરના વચનની ખાતરીઓ માટે કબૂલાત કરવાનું શરૂ કરો - જો તમે કબૂલ કરવા માગતા હો તો તમારી જરૂરીયાતને મોઢે યાદ કરતા.

૪) **યહોવા પ્રભુ તમારે માટે યુદ્ધ કરશે, ને તમારે શાંત રહેવું.** નિર્ગમન ૧૪:૧૪.

વહાલા મિત્રો,

ઈશ્વરને તમારો ભરોસો કરી શકે એવા લોકો તમારી સાથે ચાલી શકે તેને માટે વિનંતી કરો. તેમની હજૂરમાં છાનાં રહેવાનુ શીખવા માટે ઈશ્વરને વિનંતી કરો અને યશાયા ૩૦:૧૫ની જેમ તેમનામા શાંત રહેવા, "...**કે પાછા ફરવાથી ને શાંત રહેવાથી તમે તારણ પામશો.**" યાદ રાખો કે, કંઈપણ થાય, અને તમારી પરિસ્થિતિ કેવી પણ નિરાશાજનક લાગે, સર્વશક્તિમાન પર ભરોસો રાખો. તેઓ કોઈપણ વાકાચૂંકા માર્ગો/ સીધા કરશે, કારણ કે ***તેઓ ચમત્કારો કરનાર ઈશ્વર છે.*** (ગીતશાસ્ત્ર ૭૭:૧૪)

❀❀❀❀❀

## તાકીદની જાહેરાત

**અમને અમારા નહેમ્યા બાઈબલ કોલેજો માટે અંદાજે ૧૦૦૦ હિન્દી ખ્રિસ્તી પુસ્તકોની જરૂર છે. કૃપા કરીને અમને ઈશ્વરવિદ્યાના ધર્મશાસ્ત્રીય હિન્દી પુસ્તકો મેળવવાની સંભાવના વિશે જણાવશો.**

**કૃપા કરીને અંગ્રેજી તથા તામિલ ભાષાઓમાંના પુસ્તકો મોકલવાનું બંધ કરશો. તમારો આભાર.**

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

## તાકીદની જરૂરીયાત

### આચાર્ય અને શિક્ષક

**સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ માટે,**
*ઈકો ઓફ હીજ કોલ સંસ્થા*
વિજયનગરમ, મેદાવક્કમ, ચેન્નાઈ-૧૦૦

**અમને સારી રીતે શિક્ષિત, અનુભવી, સમર્પિત, સખત મહેનત કરનાર અને સેવાકાર્યલક્ષી ખ્રિસ્તી વ્યક્તિની જરૂર છે.**

***બાયોડેટા સાથે અરજી કરો :***
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

## જોઈએ છે

**ઈકો ઓફ હીજ કોલ,** ચેન્નાઈના
**નહેમ્યા બાઈબલ કોલેજ માટે**
(ATA **સભ્યપદ માટે નોંધાયેલ ઉમેદવાર)**

**ડીન (નિવાસી)** M. Div. / M. Th. Degree **સાથે હિન્દી ધર્મશાસ્ત્રી અને અનુભવ સાથે.**

***લાયક ઉમેદવારો બાયોડેટા મોકલી શકે છે :***
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

**– સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **S. Sam Selva Raj** |
| A/C No. | : | **1023 2934 679** |
| IFSC | : | **SBIN 00 00 249** |
| SWIFT CODE | : | **SBI NIN BB 455** |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | **Anna Salai, Chennai-6** |
| Name | : | **Echo of His Call** |
| A/C No. | : | **6038 0502 2319** |
| IFSC | : | **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **Echo of His Call Educational Trust** |
| A/C No. | : | **1023 2923 805** |
| IFSC | : | **SBIN 00 00 249** |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th MARCH 2024**

**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**